www.kamalamgujarat.com

Sunday

29.11.2020

✳Volume :5 ✳ Issue No. 105

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ હૈદરાબાદમાં ભારત બાયોટેક સુવિધા સ્થળની મુલાકાત લીધી





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કોવિડ માટેની રસીની ઉત્પાદન પ્રક્રિયા અને વિકાસની વ્યક્તિગત સમીક્ષા માટે તેમની ત્રણ શહેરની મુલાકાતના ભાગ રૂપે હૈદરાબાદ ખાતે ભારત બાયોટેક સુવિધા સ્થળની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ ટ્વિટ કર્યું હતું કે "હૈદરાબાદની ભારત બાયોટેક સુવિધામાં તેમને દેશી કોવિડ-૧૯ રસી વિશે માહિતી આપવામાં આવી હતી. વૈજ્ઞાનિકોને અત્યાર સુધીના પરીક્ષણોમાં પ્રગતિ માટે અભિનંદન આપ્યા છે. તેમની ટીમ ઝડપી પ્રગતિ માટે આઈસીએમઆર સાથે મળીને કામ કરી રહી છે." પ્રધાનમંત્રીએ સવારે અમદાવાદ ખાતે ઝાયડસ બાયોટેક પાર્કની મુલાકાત લીધી હતી.



## પ્રધાનમંત્રીએ અમદાવાદના ઝાયડસ બાયોટેક પાર્કની મુલાકાત લીધી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઝાયડસ કેડિલા દ્વારા સ્વદેશી ડીએનએ આધારિત રસી વિકસાવવામાં આવી રહી છે તે વિશે વધુ જાણકારી મેળવવા અમદાવાદના ઝાયડસ બાયોટેક પાર્કની મુલાકાત લીધી. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "ઝાયડસ કેડિલા દ્વારા વિકસિત કરવામાં આવેલી સ્વદેશી ડીએનએ આધારિત રસી વિશે વધુ જાણવા અમદાવાદના ઝાયડસ બાયોટેક પાર્કની મુલાકાત લીધી. હું તેમનું આ કાર્ય અને આ પ્રયત્નો કરનારી ટીમના વખાણ કરું છું. તેમના આ પ્રયત્નોમાં સાથ આપવા માટે ભારત સરકાર સક્રિય રીતે કાર્ય કરી રહી છે."

# વાંસદા ખાતે વનઅધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જંગલ જમીન ખેડતા ખેડૂતોને આદેશપત્રો, અધિકારપત્રો અને માપણીશીટનું વિતરણ કરતાં આદિજાતિ વિકાસ અને વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા















## અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં રાજ્ય સરકારે ૧૩ લાખ એકર જંગલની જમીન આદિવાસી સમાજને ખેતી માટે આપી છે આદિજાતિ વિકાસ અને વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા

કમલમ દૈનિક, નવસારી

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોટીભમતી ખાતે આજરોજ આદિજાતિ વિકાસ અને વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને વનઅધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે જંગલ જમીન ખેડતા ખેડૂતને આદેશપત્રો, અધિકારપત્રો અને માપણીશીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગણદેવી ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ, ડાંગના ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રીમતી આર્દ્રા અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં રાજય સરકારે ૧૩ લાખ એકર જંગલની જમીન આદિવાસી સમાજને ખેતી માટે આપી છે. રાજય સરકારે આદિવાસી સમાજની ચિંતા કરી છે. આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે તેમજ આદિવાસી સમાજ અન્ય વિકસિત સમાજની હરોળમાં ઉભો રહી શકે તે માટે તેમના શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી છે. રાજય સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કરવામાં આવેલા કરોડોના વિકાસ કામોની વિગતો આપીને પ્રકૃતિનું અને પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન કરવા સૌ કોઈને હાકલ કરી હતી. આ અવસરે વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વનોનું રક્ષણ અને સંવર્ધન કરનારા વનવાસીઓનો ભવ્ય ઈતિહાસ રહેલો છે. આદિવાસી સમાજને તેમના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું ગૌરવ હોવાનું જણાવી સમાજના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આદિવાસી સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કરવું જરૂરી છે એમ જણાવી તેમણે રાજય સરકારની આદિજાતિ કલ્યાણલક્ષી અનેકવિધ યોજનાઓની જાણકારી આપી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યન સરકારે આદિવાસીઓના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેના થકી છેવાડાનો આદિવાસી સમાજ આર્થિક રીતે સધ્ધ ર બન્યો છે. આદિવાસીના વિદ્યાર્થીઓ ઉચ્ચસ શિક્ષણ મેળવી શકે તે હેતુસર નર્મદા ખાતે આદિવાસી યુનિવર્સિટી બનાવવામાં આવી છે.પોતાના બાળકોને સારું શિક્ષણ આપવા તેમજ આદિવાસીઓના વિકાસ માટે રાજ્યવ સરકારે અમલી બનાવેલી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે જંગલ જમીન ખેડતા ખેડૂતોને આદેશપત્રો, અધિકારપત્રો અને માપણીશીટ વિતરણ કરવામાં આવ્યા હતા. દિવ્યાંગ લાભાર્થીઓને મંત્રીશ્રીએ સંવેદનાસભર લાભાર્થીની બેઠકસ્થાન પર જઈ અધિકારપત્રો એનાયત કર્યા હતા. આ અવસરે જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, અગ્રણીશ્રી અશોકભાઈ ધોરાજીયા, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી બી.એસ.મોરી, પ્રાંત અધિકારીશ્રી આર.સી.પટેલ સહિતના અધિકારી/પદાધિકારી તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહારાષ્ટ્રની ઠાકરે સરકારે ડૂબી મરવુ જોઈએ

## શીવસેનાએ હિન્દુત્વને છોડી દીધુ છે અમે નહી: દેવેન્દ્ર ફડણવીસ

કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ફરી એકવાર શિવસેના અને ઉદ્ધવ સરકારને આડેહાથે લીધા છે. શનિવારે, દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના એ નિવેદન પર પ્રહાર કર્યા હતા, જેમાં તેમણે વિરોધીઓને ચેતવણી આપી હતી કે તેઓ વેર ભરનારા રાજકારણથી દૂર રહે. દેવેન્દ્ર ફડણવીસે પોતાના નિવેદનમાં કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ અમને ડરાવવા નહીં પરંતુ તેના બદલે શાસન બતાવવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે શિવસેનાએ હિન્દુત્વ છોડી દીધું છે પરંતુ અમારૂ હિન્દુત્વ બદલાયું નથી. પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શનિવારે મહારાષ્ટ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું હતું કે સાવરકકર પર તેમના સાથીદારોએ કહ્યું હતું તે તેઓ કેવી રીતે ભૂલી શકે? તે (શિવસેના) કોંગ્રેસ સાથે છે, જે ગુમાર ઘોષણાને સમર્થન આપે છે, ચીનની સહાયથી કલમ ૩૭૦ ને પુનર્સ્થાપિત કરવાની વાત કરે છે. ફડણવીસે વધુમાં કહ્યું કે, ભગવાન ખુશ છે કે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો બીજો મોજો હજી આવ્યો નથી. અમે રાજય સરકાર પર ક્યારેય વ્યક્તિગત હુમલો કર્યો નથી. શિવસેના વ્યક્તિગત હુમલો કરે છે. થોડા દિવસો પહેલા એક નેતાએ મારી પત્ની પર આરોપ લગાવ્યો હતો પરંતુ મેં કોઈ હંગામો કર્યો નથી.



ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે પણ પત્ની અને પ્રિયંકા ચતુર્વેદી વચ્ચેના ટ્વિટર વોરનો ઉલ્લેખ કર્યો હતો. દરમિયાન, તેમણે પત્રકાર અર્ણબ ગોસ્વામી અને અભિનેત્રી કંગના રનોતનાં સરકાર વિરોધી નિવેદનોને પક્ષમાંથી બાજુ પર રાખીને કહ્યું કે, ભાજપ તેમના મંતવ્યોનું સમર્થન નથી કરતી પરંતુ અમે સરકાર વિરુદ્ધ બોલનારા લોકો પર થઈ રહેલા અત્યાચારો અને દબાણ સામે છે. આ દરમિયાન મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને પણ ઉદ્ધવ સરકાર પર આક્ષેપ કર્યો હતો કે તેમણે ખેડૂતોને કરેલા વચનો પૂરા કર્યા નથી.

# નવસારી જિલ્લાના ફળીયા કનેકટીવીટીના વિકાસકામોનું ખાતમુર્હૂત કરતાં પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા








કમલમ દૈનિક, નવસારી

નવસારી ખાતે જલજીવન મિશન અંતર્ગત ફળીયા કનેકટીવીટીના વિકાસકામોનું ખાતમુર્હૂત તેમજ સુલતાનપુર જુથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ લીધી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી.પટેલ, મુખ્ય ઈજનેરશ્રી એન.એચ.પટેલ, અધિક્ષક ઈજનેરશ્રી કે.કે.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, લોકોને પીવાના પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન અનુભવાય તે માટે નવસારી જિલ્લાની મુલાકાત લીધી હતી. સુલતાનપુર જુથ પાણી પુરવઠા યોજનાના નિરીક્ષણ સમયે છેવાડા તાલુકાઓમાં પણ સમયસર અને શુદ્ધ પાણી મળી રહેશે તેવી નેમ વ્યક્ત કરી હતી.આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, પીવાનું પાણી લોકોના ઘર ઘર સુધી પહોંચે તે માટે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે પાણીદાર આયોજન કર્યુ છે. પરિણામે આજે લોકોને ઘર સુધી નળ મારફત પીવાનું પાણી આપી શકાય છે.વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, જો કોઈ ક્ષતિ કે સમારકામની જરૂરીયાત જણાય તો સત્વરે તેનો નિકાલ લાવવામાં આવશે. પૂર્ણ ક્ષમતા સાથે દરેક ગામ સુધી સમયસર પીવાનું પાણી પહોંચે તે માટે વિભાગના ઉચ્ચ અધિકારીઓને સુચના આપવામાં આવી છે.આ પ્રસંગે કાર્યપાલક ઈજનેરશ્રી આર.એસ.પટેલ સહિત અધિકારીશ્રીઓ/પદાધિકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી ગરીબ કલ્યામણ અન્ન યોજના અંતર્ગત નવેમ્બ ૨-૨૦૦ માસ માટે રાજયના તમામ એનએફએસએ રેશનકાર્ડધારકો તથા નોન એનએફએસએ રેશનકાર્ડધારકોને રાષ્ટ્રી ય અન્નત સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ વિનામુલ્યે તા.૩૦-૧૧-૨૦૨૦ સુધી વિતરણ કરવામાં આવનાર હતું પરંતુ તાજેતરમાં વિશ્વભરમાં પ્રસારિત થયેલ નોવેલ કોરોના વાયરસ રોગની મહામારી અટકાવવા કર્ફયુ તેમજ અન્ય કેટલાક સંજોગો ધ્યાતને લેતા જરૂરીયાતમંદો પૈકી કોઈ કુટુંબ રોજબરોજની જીવનજરૂરીયાત ચીજવસ્તુકઓથી વંચીત ન રહે તેમજ આ યોજનાનો લાભ તમામ લાભાર્થીઓને મળી રતે તે હેતુથી સરકારશ્રીની સુચનાનુસાર નવેમ્બ ૨-૨૦૨૦ માસના વિતરણની મુદત તા.૦૫-૧૨-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. જેની નોંધ જાહેર જનતાએ તથા વાજબી ભાવના દુકાનદારોએ લેવા જિલ્લાદ પુરવઠા અધિકારી દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.






# જામનગર શહેરના વોર્ડ નં.૨માં ખાતમુહૂર્ત કરતા રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા

કમલમ દૈનિક, જામનગર

જામનગર શહેરના વોર્ડ નં.૨માં કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે કોર્પોરેટરશ્રી જનકબા જાડેજાની ગ્રાન્ટમાંથી અંદાજિત ૭ લાખના ખર્ચે હોલ બનાવવામાં આવેલ છે જે પાસે હોલના વધુ વિકાસ અર્થે આજરોજ અન્ન અને નાગરિક પુરવઠા રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું, જયાં અન્ય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે કોર્પોરેટરશ્રી જનકબા જાડેજાનું સન્માન કરાયું હતું. આ તકે મેયર શ્રી હસમુખભાઈ જેઠવા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી સુભાષભાઈ જોશી, દંડકશ્રી જડીબેન સરવૈયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી વિમલભાઈ કગથરા, મહામંત્રી શ્રી પ્રકાશભાઈ બાંભણિયા, સમૂહલગ્ન સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ જાડેજા તથા વોર્ડના કોર્પોરેટરશ્રીઓ અને સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## બોટાદ ખાતે તા.૦૧/૧૨/૨૦૨૦ ના રોજ ડીઝીટલ માધ્યમથી ઈ - ભરતીમેળો યોજાશે



કમલમ દૈનિક, બોટાદઃ

બોટાદ જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો શ્રેષ્ટતમ અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર તા.૦૧/૧૨/૨૦૨૦ નાં રોજ ૧૮ થી ૩૦ વર્ષની વયમર્યાદા અને ધો.૮ પાસ અને આઈ.ટી.આઈ ટ્રેડ પાસની લાયકાત ધરાવનાર ફક્ત પુરુષ રોજગાર ઈચ્છુકો માટે હેલ્પર/ઓપરેટર ની જગ્યા પર ટેકસપીન બેરીંગ્સ લીમીટેડ-રાણપુર ખાતેના પ્લાન્ટ માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઈ-ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર બોટાદ જિલ્લાના રોજગાર ઈચ્છુકોએ કચેરીના ટે.નં. ૦૨૮૪૯ ૨૭૧૩૧૫ જદ્દુદ્દી કરી ઉરઠ્ઠંજઇઁ એપ્લિકેશન મારફત પોતાના નંબર પરથી પોતાનું નામ લખી મેસેજ કરશે એટલે તુરંત તેમના નંબર પર તા.૦૧/૧૨/૨૦૨૦ ના ભરતીમેળામાં ભાગ લેવા માટેની લિંક **https://forms.gle/BynGgRaeo5amUZqR8** મેસેજ થી મળશે જેમા વિગત ભરી તા.૦૧/૧૨/૨૦૨૦ નાં સવારે ૧૦:૦૦ કલાક સુધીમાં નોંધણી કરાવવી આવશ્યક છે. વધુ વિગત માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બોટાદનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીશ્રીની અખબારીયાદીમાં જણાવાયું છે.

### ઘટનાની ઝીણવટભરી અને તલસ્પર્શી તપાસ માટે SITની રચના કરાશે

# રાજકોટની ઉદય શિવાનંદ હોસ્પિટલમાં લાગેલી આગ સંદર્ભે રાજય સરકાર અત્યંત સંવેદનશીલ : ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

### ઘટનાની સંવેદનશીલતાને ધ્યાને લઈ તપાસ માટેઅધિક મુખ્ય સચિવશ્રી એ.કે. રાકેશને તપાસ કરવા મુખ્યમંત્રીશ્રીનો નિર્ણય



કમલમ દૈનિક,

ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજકોટની ઉદય શિવાનંદ આશ્રમ સંચાલિત હોસ્પિટલ ખાતે લાગેલી આગના બનાવ સંદર્ભે રાજય સરકાર અત્યંત સંવેદનશીલ છે. ઘટનામાં દુઃખદ નિધન પામેલા નાગરિકો પ્રત્યે રાજય સરકાર દુઃખની લાગણી અનુભવે છે. અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યકત કરે છે. ગૃહ મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું કે, મોડી રાતે બનેલી આ દુઃખદ ઘટના અન્વયે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાવના સમાચાર મળતાની સાથે જિલ્લા કલેક્ટર, મ્યુ. કમિશ્નર, પોલીસ કમિશ્નરને અને મુખ્ય સચિવશ્રીને સૂચના આપીને ઘટનાના સ્થળે સત્વરે લોકોને સહાય પૂરી પાડવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઘટનાની તપાસ માટે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશને તાત્કાલિક રાજકોટ જવા રવાના કરીને ઘટનાના મૂળ સુધી જવા સૂચનાઓ આપી હતી. શ્રી રાકેશ આજે રાજકોટ ખાતે પહોંચીને જરૂરી તપાસ કરી રહ્યા છે. જેનો આગામી ત્રણ દિવસમાં રીપોર્ટ મેળવશે. તેમણે ઉમેર્યું કે, ઘટનાની ઝીણવટભરી અને તલસ્પર્શી તપાસ થાય તે માટે રાજકોટ શહેરના DCPના અધ્યક્ષસ્થાને SITની રચના કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં આવા પ્રકારના બનાવો ક્યાંય પણ ન બને તે માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે અને આવા બનાવો બનશે તો રાજ્ય સરકાર સહેજપણ ચલાવી લેવા માંગતી નથી. તેમ તેમણે ઉમેર્યું હતું.

## કોરોના પોઝિટીવ ચંદ્રિકાબેને સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો

કમલમ દૈનિક,

ચંદ્રિકાબેન અને જગદીશભાઈ વણકર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ભાદરડી ગામના ગરીબ પરીવારમાંથી આવે છે. ચંદ્રીકાબેનને તા. ૧૯-નવેમ્બર -૨૦૨૦ના રોજ કોવિડ-૧૯નો રિપોર્ટ પોજીટીવ હોવાથી ૯ મહિનાના ગર્ભ સાથે જી.એમ ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ કોવિડ-૧૯ માં દાખલ કરવામાં આવ્યા હતા. અહિં આવ્યા બાદ ચંદ્રિકાબેનને ૩.૦૦ કિલો વજન ધરાવતી બાળકીને જન્મ આપ્યો હતો. માતા ચંદ્રિકાબેનને કોવિડ -૧૯ પોજીટીવ હોવાથી બાળકીને આઈસોલેશન એન.આઈ.સી.યુ. માં દાખલ કરવામાં આવી હતી. બાળકીનો આર.ટી.પી.સી.આર રિપોર્ટ કરાવતા નેગેટિવ આવ્યો હતો. બાળકી નો કોવિડ -૧૯ આર.ટી.પી.સી.આર રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાથી અને માતા કોરોના પોઝિટીવ હોવાથી બાળકીને આઈસોલેશન એન.આઈ.સી.યુ.માં



**મેડિકલ કોલેજના બાળરોગ વિભાગ દ્વારા માતા સ્વસ્થ થાય ત્યાં સુધી બાળકીને આઈસોલેશન એન.આઈ.સી.યુ.માં ૬ દિવસ સુધી ખાસ સંભાળ રખાઈ**

૬ દિવસ રાખ્યા પછી માતા તંદુરસ્થ થયા બાદ ૨૪-નવેમ્બરે એન.આઈ.સી.યુ.માંથી રજા આપવામાં આવી હતી. હાલ માતા અને બાળકી બન્ને સ્વસ્થ છે. જગદીશભાઈ વણકર બાળકીના પિતા જણાવે છે કે, મેડીકલ કોલેજનો સ્ટાફ અને ડોકટરોએ મારી બાળકી અને પત્નિની ખુબ જ સંભાળ રાખી છે. જેથી આજે બંને સ્વસ્થ છે. હોસ્પિટલમાં જરૂર પડે તેમ બધા રિપોર્ટ અને દવા તમામ સારવાર એક પણ રૂપિયાના ખર્ચ વગર થઈ હતી. રજા લેતી વખતે બાળકીના માતા પિતા એ પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ, બાળરોગ વિભાગ તેમજ તમામ ડોકટર, સ્ટાફ અને કર્મચારીઓની સંવેદનાસભર ઉતમ સારવાર માટે જી.એમ ઈ.આર.એસ. મેડિકલ કોલેજ હિંમતનગર તેમજ રાજય સરકારનો આભાર માન્યો હતો.

## ખાનગીકરણ પછી પણ રાંધણ ગેસની સબસિડી મળતી રહેશે: ધર્મેન્દ્ર પ્રધાન



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી

બળતણના રિટેલરોમાં દેશની બીજા નંબરની સૌથી મોટી કંપની તરીકે જાણીતી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)નું ખાનગીકરણ થયા પછી પણ એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ)ના ગ્રાહકોને રાંધણ ગૅસની સબસિડી મળતી રહેશે, એવું તેલ વિભાગના પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું.

તેમણે પીટીઆઈને કહ્યું હતું કે 'એલપીજી પરની સબસિડી કોઈ કંપનીને નહીં, પણ ગ્રાહકોને સીધી ચૂકવવામાં આવે છે એટલે એલપીજી વેચતી કંપનીની માલિકીનો મુદો સબસિડી સંબંધમાં વચ્ચે આવતો જ નથી. બીજી રીતે કહું તો એલપીજી આપતી કંપની જાહેર ક્ષેત્રની છે કે ખાનગી ક્ષેત્રની એ મુદો જ નથી.'

સરકાર પ્રત્યેક ગ્રાહકને સબસિડીના દરે એક વર્ષમાં ૧૪.૨ કિલોવાળા કુલ ૧૨ રાંધણ ગૅસના સિલિન્ડર આપે છે. આ સબસીડી સીધા જ ગ્રાહકોના બૅંક ખાતામાં જમા કરી દેવામાં આવે છે. સબસિડી ઍડ્વાન્સમાં ચૂકવાય છે અને ગ્રાહકો એનો ઉપયોગ એલપીજી રિફીલ (સિલિન્ડર) ખરીદવા માટે ઉપયોગમાં લે છે. આ રિફીલ ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન, બીપીસીએલ તેમ જ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સહિતની ત્રણ ઑઈલ માર્કેટિંગ કંપનીઓ પાસે બજાર ભાવે ઉપલબ્ધ હોય છે.

## જિલ્લા કલેક્ટરશ્રી જે.બી. પટેલના અધ્યક્ષસ્થાને આરોગ્યલક્ષી વિવિધ કમિટિઓની બેઠક મળી

### મોરબી જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે થતી કામગીરીની સમિક્ષા કરાઈ




કમલમ દૈનિક, મોરબી

મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જે.બી. પટેલના અધ્યક્ષસ્થાને આરોગ્યલક્ષી વિવિધ કમિટિઓની મળેલ બેઠકમાં જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે થતી કામગીરીની સમિક્ષા કરી વિવિધ સુચનો કર્યા હતા. ગત શુક્રવારે કલેકટર કચેરીના સભાખંડમાં આરોગ્ય વિભાગને લગતી વિવિધ કમિટિઓ જેમાં સંચારી રોગચાળા અટકાયત અંગેની જિલ્લા સર્વેલન્સ અને સંકલન સમિતિની ત્રિમાસીક બેઠક, PC-PNDT ACT હેઠળ એડવાઈઝરી કમિટિ, મેલેરિયા સંકલન સમિતિ, આરોગ્ય વિષયક કાર્યક્રમોના પ્રચાર-પ્રસાર અને અમલીકરણ અંગેની અવેરનેશ કમિટિ સહિતની અન્ય કમિટિઓની બેઠકમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ચાલતી કામગીરીની જિલ્લા કલેક્ટરશ્રી જે.બી. પટેલે સમિક્ષા કરી અસરકારક કામગીરી કરવા નિર્દેશો આપી તમામ કામગીરીના સમયસર રિપોર્ટ તૈયાર કરી મોકલી આપવા જરૂરી સુચના આપી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કતીરાએ બેઠકનું સંચાલન કરતાં ઉપરોક્ત વિવિધ કમિટિ હેઠળ થઈ રહેલ કામગીરી અંગેના રિપોર્ટ રજૂ કર્યા હતા જેમાં સેક્સ રેસીયો, તમ્બાકુ નિયંત્રણ પ્રોગ્રામ, હિમોગ્લોબીન, ચિરંજીવી યોજના, બાલ શખા યોજના, મેલેરીયા મુક્તિ અભિયાન ૨૦૨૦ બાબતોનો સમાવેશ થાય છે. આરોગ્ય વિષયક કાર્યક્રમોના પ્રચાર-પ્રસાર અને અમલીકરણ અંગે કોરોના સંક્રમણને અટકાવવા માટે જરૂરી પગલા ભરવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગને લગતી આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી જે.બી. પટેલ ઉપરાંત જિલ્લા પોલીસવડાશ્રી એસ.આર. ઓડેદરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કતીરા, સિવિલ હોસ્પિટલના અધિક્ષકશ્રી દુધરેજીયા, કોવીડ-૧૯ નોડેલ અધિકારીશ્રી વારેવડીયા, ડૉ. બાવરવા, ડૉ. સરડવા, સહાયક માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, મોરબી ચીફ ઓફીસરશ્રી ગીરીશ સરૈયા, દરેક તાલુકાના આરોગ્ય અધિકારી, અર્બન હેલ્થ ઓફિસર સહિત આરોગ્ય ખાતાનો સ્ટાફ તેમજ, સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# 'આ મંદિર બહેરીન સાથેના આપણા સુદ્રઢ અને નિકટના સંબંધોની સાક્ષી પૂરે છે. :ડો. એસ. જયશંકર

### વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે બહેરીન સ્થિત શ્રીનાથજી મંદિરની મુલાકાત લીધી




કમલમ દૈનિક, સુરત

બહેરીન, યુએઈ અને સિયાચેલ, આ ત્રણ રાષ્ટ્રોના પ્રવાસના પ્રથમ તબક્કે ભારતના વિદેશી બાબતોના મંત્રી ડૉ.એસ.જયશંકરે ૨૫ નવે.ના રોજ બહેરીનની રાજધાની મનામા સ્થિત ૨૦૦ વર્ષ જૂના શ્રીનાથજી મંદિરની મુલાકાત લીધી.

આ મંદિરની મુલાકાત દરમિયાન ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, 'આ મંદિર બહેરીન સાથેના આપણા સુદ્રઢ અને નિકટના સંબંધોની સાક્ષી પૂરે છે. ઉલ્લેખનીય છે કે, ભારતના વિદેશમંત્રી તરીકે ડૉ.એસ.જયશંકર ના બહેરીનના આ પ્રથમ પ્રવાસના થોડા સમય પહેલાં જ, એટલે કે ૧૧ નવે.ના રોજ બહેરીનના વડાપ્રધાન, હિઝ હાઈનેસ પ્રિન્સ ખલિફા બિન સલમાન અલ ખલિફાનું દુઃખદ અવસાન થયું હતું. પોતાના આ બહેરીન પ્રવાસ દરમિયાન, વિદેશમંત્રી બહેરીનના પોતાના સમકક્ષ તેમજ અન્ય ટોચના નેતાઓને મળશે અને તેમની સાથે બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય મુદ્દાઓ તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વાતચીત કરશે.

બહેરીનમાં ૩.૫૦ લાખ કરતા વધુ ભારતીયો વસે છે, અને કોવિડ-૧૯ મહામારીનો સામનો કરવા માટે બંને દેશોએ સાથે મળીને કામ કર્યું છે. બહેરીન એ દેશોમાંનો એક છે, જેમની સાથે ભારતે એર બબલ એગ્રીમેન્ટ કર્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે બંને દેશો વચ્ચે આવાગમન માટે ફ્લાઈટ્સ કાર્યરત રહેશે. ઓગસ્ટ, ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ વખત બહેરીનની મુલાકાત કરી હતી, આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન વડાપ્રધાને પણ મનામામાં શ્રીનાથજી મંદિરની મુલાકાત લીધી હતી. ૨૦૧૯માં પોતાના બહેરીનના બે દિવસીય પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદીએ ૨૦૦ વર્ષ જૂનાં ભગવાન શ્રીકૃષ્ણ મંદિરના જીર્ણોદ્ધારનો ૪.૨ મિલિયન યુએસ ડોલરનો પ્રોજેક્ટ પણ લોન્ચ કર્યો હતો.

## કોરોના મહામારી જોતા કચ્છના સુખપર ગામ ૧૦ દિવસ માટે રહેશે બંધ



કમલમ દૈનિક, સુરત,

કોરોના મહામારી આપણી સાથે જ રહેવાની છે ત્યારે કોરોના સાથે જીવન જીવતા શીખવું પડે એમ છે કચ્છએ ગામડાઓથી વરેલો પ્રદેશ છે કચ્છ જિલ્લામાં અનલોક થયા બાદ કોરોના કેસની સંખ્યામાં મોટાભાગના કેસો ગ્રામ્ય વિસ્તારોમાં નોંધાયા છે ત્યારે સુખપર ગ્રામ પંચાયત તેમજ ગ્રામજનો દ્વારા સ્વેચ્છાએ ૧૦ દિવસનું લોકડાઉનનો નિર્ણય કરાયો છે. કચ્છમાં તહેવાર બાદ કોરોના સંક્રમણ વધ્યું છે. ભુજ નજીક પટેલ ચોવીસીના ગામો પૈકી એક એવું સુખપર ગામના લોકોએ એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સુખપર ગ્રામ પંચાયત દ્વારા કમર કસી અને ગામમાં વધુ મહામારી ના ફેલાય તે માટે સક્રિય પ્રયાસો શરૂ કરાયા છે. સુખપર ગામની મધ્યયેથી હાઈવે નીકળતા અહીથી પસાર થતાં લોકો બહારથી સુખપરમાં આવતા હોય છે એમાં પણ ખાસ કરીને ખરીદીના કામકાજ પણ વધારે હોય છે. સુખપર ગામની વસ્તી ૨૫ હજાર જેટલી છે.સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો પણ રોજિંદા કામ માટે અહીં આવતા હોવાથી લોકોનો જમાવડો થતો હોય છે.

સાથે સંક્રમણ વધવાની પુરી શકયતા હોવાથી ગ્રામજનો,વેપારી મંડળો,મંદિર ના સાધુ સંતો સૌ સાથે મળીને ૧૦ દિવસનો લોકડાઉન કરવાનો નિર્ણય કરી સાંજે ૬ થી સવારે ૬ વાગ્યા સુધી લોકડાઉનનો કડક નિયમપાલન કરી કોરોના સંક્રમણ અટકાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.







કોરોના વિશે જનજાગૃતિ વધારવા પાલનપુર શહેરમાં આઇ.એમ.એ. દ્વારા ફ્લેગમાર્ચ યોજાઇ.

# માસ્ક, સોશીયલ ડિસ્ટયન્સી ગ અને પૂર્ણ જાગૃતિ વડે સૌ સાથે મળી કોરોનાને દેશવટો આપીએ.-સાંસદશ્રી પરબતભાઇ પટેલ

## ડોક્ટરો PPE કીટ પહેરી માસ્કા અને ફેસ શિલ્ડર સાથે રેલીમાં જોડાતાં લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા

કમલમ દૈનિક, પાલનપુર

કોરોના સંક્રમણથી લોકોને સુરક્ષીત રાખવા જન-જાગૃતિ વધે તે ખુબ જ જરૂરી છે. ઈન્ડિયન મૅડિકલ એસોસીએશન પાલનપુરના ડૉક્ટર મિત્રો દ્વારા જન-જાગૃતી વધારવા માટે પાલનપુર શહેરમાં રેલી સ્વ રૂપે ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી. જેને સાંસદશ્રી પરબતભાઈ પટેલે જોરોવર પેલેસથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં પ્રસરી છે. ભારતમાં સરકારશ્રીના વિરાટ પ્રયાસો અને પ્રચંડ જનસહયોગને લીધે પરિસ્થિનતી કન્ટ્રોછલમાં છે. તેમણે કહ્યું કે ડૉક્ટરો પી.પી.ઈ. કીટ પહેરીને સૈનીકોની જેમ દિવસ રાત સેવાનું કાર્ય કરી રહ્યા છે તે બદલ તેમને બિરદાવું છું. હોસ્પિનટલોમાં ફરજ બજાવતા સ્ટાફના યોગદાનની પણ સાંસદશ્રીએ સરાહના કરી હતી. લોકોમાં જાગૃતિ વધારવા માટે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન પાલનપુરના ડૉકટર્સ દ્વારા રેલીના માધ્યમથી ઘર-ઘર સુધી સંદેશો પહોચાડવાનું આયોજન કરવામાં આવ્યુ તે બદલ સાંસદશ્રીએ અભિનંદન પાઠવી બિરદાવ્યાસ હતા. સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યુંમ કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદી પ્રજાને સંદેશ આપે છે કે......., જ્યાં સુધી દવા નહી, ત્યા સુધી ઢીલાશ નહી તથા દો ગજ કી દુરી........, નું જાગૃતિપૂર્વક પાલન કરીએ. સાંસદશ્રીએ જણાવ્યું કે અત્યારે માસ્ક અને દો ગજ કી દુરીનું પાલન એ મોટી દવા સમાન છે. કોરોના સંક્રમણ અટકાવવા દરેક લોકોએ માસ્ક પહેરવું બહુ જ જરૂરી છે. તેમણે કહ્યું કે ડરવાની કે ચિંતા કરવાની કોઈ જરૂર નથી પરંતુ આપણે જેટલા જાગૃત રહીશુ તેટલા સલામત અને સેઈફ રહી શકીશું. સામાજીક પ્રસંગોમાં સરકારશ્રીના નિયમોનું પાલન કરવા તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, કોરોના સંક્રમણ ઉપર અંકુશ મેળવવા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઠેર-ઠેર રેપીડ ટેસ્ટીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ધન્વંતરી રથ મુકીને લોકોના આરોગ્યની ચકાસણી અને રેપીડ ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અધિકારી, કર્મચારીઓની ટીમો બનાવવામાં આવી છે. જેના દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. રેલીમાં ડૉક્ટરો દ્વારા પી.પી.ઈ. કીટ, ફેસ શિલ્ડ અને માસ્કન સાથે પાલનપુર શહેરના જોરાવર પેલેસથી નિકળી ગુરુનાનક ચોક, સિટીલાઈટ રોડ, દિલ્હીગેટ, સિવીલ હોસ્પિટલ, કિર્તીસ્તંભ વિસ્તારમાંથી ફરી હતી અને ગુરુનાનક ચોક ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. ડૉકટરો પી.પી.ઈ. કીટ પહેરી માસ્કર અને ફેસ શિલ્ડમ સાથે રેલીમાં જોડાતાં લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યાદ હતા. જિલ્લી વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ જણાવ્યું કે, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન પાલનપુરના ડૉક્ટર મિત્રો દ્વારા જન-જાગૃતી વધારવા માટે પાલનપુર શહેરમાં રેલી સ્વમરૂપે ફ્લેગમાર્ચ યોજવાનું આયોજન કરવામા આવ્યું તે સરાહનીય છે. ડૉક્ટર મિત્રોની આ રેલી લોકોમાં જાગૃતી વધારવા ઉપયોગી નિવડશે. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં લોકોને કોરોના સંક્રમણથી સુરક્ષીત રાખવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તેમજ જિલ્લા વહિવટી તંત્ર સંપૂર્ણ એક્ટીવ અને એલર્ટ છે. પ્રારંભમાં સ્વાગત પ્રવચન પાલનપુરના પ્રસિધ્ધ અને સેવાભાવી ડૉ. શ્રી સુરેન્દ્ર ગુપ્તાએ કર્યુ હતું. આ પ્રસંગે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન પાલનપુરના પ્રમુખ ડૉ. એચ. જી. ભાવસાર, આરોગ્ય વિભાગના નોડલ ઓફિસરશ્રી ડૉ એન. કે. ગર્ગ, પાલનપુર શહેરના નામાંકિત ડૉક્ટરશ્રીઓ સહિત સારી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## અંદાજે ૫૫૦૦ પથારીઓ ઉપલબ્ધ

# વડોદરા શહેરની સરકારી અને ખાનગી સહિતની તમામ હોસ્પિટલોમાં કુલ ૨૧૦૦ કોવિડ દર્દીઓ સારવાર હેઠળ

## ૧૦૦ થી વધુ ખાનગી હોસ્પિટલો ને કોવિડ સારવારમાં જોડીને પથારીની સંખ્યા વધારીને ૭૦૦૦ સુધી લઈ જવાનું આયોજન..



કમલમ દૈનિક, વડોદરા

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે ગુરુવારે મહાનગર પાલિકા ના કમિશનર શ્રી પી.સ્વરૂપ અને વી.એમ.સી.ના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજીને વડોદરા શહેરમાં કોવિડ ની પરિસ્થિતિ ની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું કે,હાલમાં વડોદરાની સરકારી અને ખાનગી હોસ્પિટલો માં કોવિડની સારવાર માટે કુલ અંદાજે ઉપલબ્ધ ૫૫૦૦ પથારીઓ ની સામે ૨૧૦૦ દાખલ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે.તેમ છતાં,તકેદારીના ભાગરૂપે તેમજ અગ્રીમ આયોજન અને પ્રો એક્ટિવ અભિગમ હેઠળ વધુ ૧૦૦ ઉપરાંત ખાનગી દવાખાનાઓને નોંધણી દ્વારા કોવિડ ની સારવારમાં જોડીને આગામી ચારથી પાંચ દિવસમાં પથારીઓ નો સંખ્યા વધારીને ૭૦૦૦ જેટલી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## વડોદરા શહેર ની ૧૦૦ થી વધુ ખાનગી હોસ્પિટલો ને કોવિડ ની સારવાર માટે માન્યતા આપીને પથારીની સંખ્યામાં ૧૩૦૦ થી ૧૪૦૦ નો વધારો કરાશે..



કમલમ દૈનિક, વડોદરા

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે ગુરુવારે જણાવ્યું કે,આગામી સમયમાં વડોદરા શહેરમાં કોવિડ ની સારવાર વધુ સુલભ અને એફોર્ડૅબલ બનશે. હાલમાં વડોદરા શહેરમાં ૧૨૧ જેટલી ખાનગી હોસ્પિટલોને કોવિડની સારવાર માટે માન્યતા આપવામાં આવી છે જ્યાં ૪૧૨૫ જેટલી પથારીઓ કોવિડની સારવાર માટે ઉપલબ્ધ છે.આગામી ૪ થી ૫ દિવસોમાં ૧૦૦ થી વધુ ખાનગી હોસ્પિટલોને કોવિડની સારવાર માટે માન્યતા આપીને ઉપલબ્ધ પથારીની સંખ્યામાં ૧૩૦૦ થી ૧૪૦૦ નો અને વેન્ટિલેટર માં ૫૦ થી ૬૦ નો વધારો કરવામાં આવશે.હાલમાં ગુજરાતના અન્ય તમામ શહેરો કરતાં વડોદરામાં કોવિડ સારવાર માટે વધુ સુવિધા ઉપલબ્ધ છે.

# નગરના વિવિધ વિસ્તાજરોમાં આર્સેનીક આલ્મ્સર ની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું

કમલમ દૈનિક, લુણાવાડા

કોરોનાની મહામારીમા જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે




સંતરામપુર તાલુકાના ગોઠીબ પ્રાથમિક આરોગ્યપ કેન્દ્રપ્ની નવ ટીમો અને ધનવંતરી આરોગ્યમ રથ તેમજ આરબીએસકે દ્વારાઆરોગ્ય્ સર્વેની કામગીરી સહિત રેપીડએન્ટીબજન અને આરટીપીસીઆરટેસ્ટ કરવામાં આવ્યા

જિલ્લા કલેકટરશ્રી આર. બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારી ની રાહબરી હેઠળ આયુષમંત્રાલય ના દિશાનિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્યસ્તર સુધીના આરોગ્ય ના કર્મીઓ સતત અવિરત પણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આમ છતાં પણ હજુ નાગરિકોતે ને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકો માં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસ ના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી મામલતદાર શ્રી કે. જે. વાઘેલા, તાલુકા હેલ્થો ઓફિસર ડૉ. એન. એસ. ગોસાઈએ સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામમાં કોરોનાના સંક્રમણને ધ્યાોને લઈ પ્રાથમિક આરોગ્યટ કેન્દ્રા ગોઠીબના ડૉ. ભૌમિક પટેલ અને આરોગ્યન સ્ટાલફ દ્વારા ૯ (નવ) ટીમો બનાવી ગામના અગ્રણીઓ સાથે મુલાકાત કરી પરિસ્થિ તિની ચર્ચા કરી સંક્રમણને ફેલાતો અટકાવવા માટેની સમજ આપવામાં આવી હતી. આ ટીમો તથા ધનવંતરી આરોગ્યં રથ અને આરબીએસકેની ટીમ દ્વારા આરોગ્ય લક્ષી કામગીરી અને સર્વે કરવામાં આવ્યું હતું. જયારે સામાન્યા લક્ષણો ધરાવતા હોય તેઓના રેપીડ એન્ટીલજન અને આરટીપીસીઆર ટેસ્ટં કરવામાં આવ્યો હતા. આ ઉપરાંત નાગરિકોની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે હોમિયોપેથિક દવા આર્સેનિક આલ્બામની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ, જિલ્લાપના આરોગ્યક તંત્રના તમામ આરોગ્ય કર્મીઓ જિલ્લામા કોરોના ના સંક્રમણ ને ફેલાતો અટકાવવા માટે અવિરત પણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામ ને સોશિયલ ડિસ્ટટન્સીંગ, માસ્કાની ઉપયોગીતા અને સેનેટાઈઝર ના ઉપયોગ વિશે તેમજ માસ્કા પહેર્યા વગર ઘર ની બહારન ની કળવા, સાબુ/સેનેટાઈઝર થી વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટબન્સીંગ નું પાલન કરવાનું સમજાવી અન્યોહને પણ જાગૃત કરવા સમજ આપવામાં આવી હતી.

# ગોત્રી હોસ્પિટલમાં વધુ ૧૦ અને સયાજી હોસ્પિટલમાં ૫૦ વેન્ટિલેટર ઉમેરવામાં આવશે





# તકેદારીના ભાગરૂપે ઈએસઆઇ હોસ્પિટલમાં ૫૦ પથારી નો કોવિડ સારવાર વોર્ડ આજથી ફરી કાર્યરત કરાયો..

કમલમ દૈનિક,

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે આજે ગોત્રી અને સયાજી હોસ્પિટલો ની મુલાકાત લીધી હતી અને કોવિડ સારવાર વ્યવસ્થાઓ ની વિગતવાર સમીક્ષા કરી હતી.તેમણે જણાવ્યું કે, ઉપરોક્ત બંને હોસ્પિટલોમાં, પ્રત્યેકમાં કોવિડ સારવાર માટે ૫૭૫ પથારીની સુવિધા છે.તેની સામે હાલમાં ગોત્રી માં ૨૫૭ અને સયાજી હોસ્પિટલમાં ૨૦૦ દાખલ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે.બંને હોસ્પિટલોમાં,પ્રત્યેકમાં ૧૦૦ અદ્યતન વેન્ટિલેટર ઉપલબ્ધ છે.તેની સામે ગોત્રી માં ૫૩ અને સયાજીમાં ૩૧ દર્દીઓ વેન્ટિલેટર સારવાર હેઠળ છે.અગમચેતીના ભાગરૂપે ગોત્રીમાં વધુ ૧૦ અને સયાજીમાં ૫૦ વેન્ટિલેટર આગામી ૨ દિવસમાં ઉમેરવાનું આયોજન કરવામાં આવ્યું છે.તકેદારીના ભાગરૂપે આજ થી ગોત્રીની ઈ એસ.આઈ.હોસ્પિટલમાં૫૦ પથારીનો કોવિડ સારવાર વોર્ડ ફરી થી કાર્યરત કરવામાં આવ્યો છે.તે જ રીતે જરૂરિયાત જણાશે તો આગામી સપ્તાહમાં કારેલીબાગની ચેપી રોગ હોસ્પિટલમાં ૫૦પથારીની કોવિડ સારવાર સુવિધા ફરીથી ચાલુ કરવામાં આવશે.આગામી સમયમાં વધુ એકવાર કોવિડ માટે માન્ય કરવામાં આવેલી સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી ઓડિટ હાથ ધરવાની તજવીજ કરવામાં આવી રહી છે. દવાખાનાઓમાં સારવાર હેઠળના કોવિડ દર્દીઓ માટે ઓકસીજન પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે ખોરાક અને ઔષધ વિભાગના મદદનીશ કમિશનરને સરકારી અને ખાનગી દવાખાનાઓમાં ઓકસીજન સપ્લાય ઓડિટ હાથ ધરવા સૂચના આપી છે.

## ખાનપુર તાલુકાના બાકોર ગામમાં જાહેરનામાનો કડક અમલ

# માસ્કર અને સોશિયલ ડિસ્ટાન્સીડગના કડક અમલના ભાગરૂપે એક જ્વેલર્સના માલિક પાસેથી રૂા. બે હજારનો દંડ વસૂલ કરાયો

**મહીસાગરવાસીઓ સાવધાન થઈ જજો... જાહેરનામાનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે**



દંડનીય કાર્યવાહીથી બચવા ફરજિયાત માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટીન્સીતગનું પાલન કરો


કમલમ દૈનિક, લુણાવાડા

કોરોનાની મહામારીમા જિલ્લા ના નાગરિકોને કોરોના વાયરસ ના સંક્રમણ થી સુરક્ષિત રાખવા અને રોગપ્રતિકાર કશક્તિ માં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર શ્રીઆર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળઅને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારી ની રાહબરી હેઠળ આયુષ મંત્રાલય ના દિશા નિર્દેશ અનુસાર આરોગ્યય કર્મીઓ જિલ્લાના તમામ નાગરિકોના આરોગ્યસની સારસંભાળ રાખવાની સાથે અનેકવિધ ક્ષેત્રે કામ કરી રહ્યા છે. આમ છતાં પણ હજુ કેટલાંક નાગરિકો આને ગંભીરતાથી નથી લઈ રહ્યા. નાગરિકોમાં જાગૃતિ આવે અને કોરોનાના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય અને કાબૂમાં રાખી શકાય તે માટે જિલ્લાગ કલેકટર શ્રી આર. બી. બારડે જિલ્લાબના તમામ અધિકારીઓને જાહેરનામાનો કડક અમલ થાય તે જોવા માટે સૂચનાઓ જારી કરી છે. જેના ભાગરૂપે ખાનપુર તાલુકાના લાયઝન અધિકારી, મામલતદાર અને પોલીસ ઈન્પીઓનેકટરની સંયુકત ટીમ દ્વારા તાલુકાના બાકોર ગામની મુલાકાત લઈ કન્ટોનમેન્ટ વિસ્તા?રમાં જાહેરનામાનો કડક અમલ કરાવવામાં આવ્યોો હતો. આ ઉપરાંત કન્ટેમનમેન્ટ? સિવાયના વિસ્તાારમાં પણ માસ્કક અને સોશિયલ ડિસ્ટરન્સીંગનો કડક અમલ થાય તે માટે માસ્કટ અને સોશિયલ ડિસ્ટસન્સીંતગના ભંગ બદલ વ્રજ જવેલર્સના માલિક પાસેથી રૂા. ૨૦૦૦/-ના દંડની વસુલાત કરવામાં આવી હતી. આમ જિલ્લોમાં જિલ્લાર વહીવટીતંત્રની વિવિધ ટીમો દ્વારા જાહેરનામાનો કડક અમલ થાય તે માટે સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું હોઈ મહીસાગરવાસીઓ સાવધાન થઈ જજો. અને જયારે પણ નાછૂટકે ઘરની બહાર જવાનું થાય ત્યાવરે અવશ્યસ માસ્કધ પહેરીને નીકળો તેમજ સોશિયલ ડિસ્ટઘન્સી ગનું પાલન કરી દંડનીય કાર્યવાહીમાંથી બચો.

# કોરોનાવાયરસ નિદાન માટે CSIR-CCMBની ડ્રાય સ્વેબ ડાયરેક્ટ RT-PCR પદ્ધતિને ICMRની મંજૂરી મળી

## આ પદ્ધતિથી કોઈ પણ વધારાના સંશોધન વિના તાત્કાલિક ધોરણે પરીક્ષણમાં બેથી ત્રણ ગણો વધારો કરી શકાશે






કમલમ દૈનિક,

સીએસઆઈઆર (CSIRs)ની પ્રયોગશાળા સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલીક્યુલર બાયલોજી (CCMB), હૈદરાબાદએ સાર્સ-કોવ-૨નું નિદાન વધારવા માટે વિકસાવેલી સરળ અને ઝડપી પરીક્ષણ પદ્ધતિ ડ્રાય સ્વેબ-ડાયરેક્ટ RT-PCRને હવે આઈસીએમઆરએ એની સ્વતંત્ર માન્યતા પર આધારિત મંજૂરી આપી છે. CSIR-CCMB દ્વારા વિકસાવવામાં આવેલી આ પદ્ધતિ હાલની ગોલ્ડ સ્ટાન્ડડ૦ RT-PCR નું સરળ વેરિએશન છે તથા સંસાધનોનું નવું રોકાણ કર્યા વિના પરીક્ષણમાં ૨થી ૩ ગણો વધારો સરળતાપૂર્વક કરી શકાશે.

આ પદ્ધતિનું મૂલ્યાંકન કરીને અને ૯૬.૯ ટકાની સુસંગતા પ્રાપ્ત થયા પછી આઈસીએમઆરએ હવે CSIR-CCMB ડ્રાય સ્વેબ પદ્ધતિના ઓછા ખર્ચ અને ઝડપી ટર્ન-એરાઉન્ટ ટાઈમને ધ્યાનમાં રાખીને એનો ઉપયોગ કરવા માટે એડવાઈઝરી બહાર પાડી છે. CSIR-CCMB, હૈદરાબાદએ એપ્રિલ, ૨૦૨૦થી અત્યાર સુધી કોરોનાવાયરસ માટે પરીક્ષણ માટે નમૂના લીધા છે. તેલંગાણાના હેલ્થકેર વર્કર્સ સાથે સતત કામ કરીને પ્રયોગશાળાએ કેટલાંક મુખ્ય મુદ્દા તારવ્યાં છે, જેનાથી પરીક્ષણની પ્રક્રિયા ધીમી પડે છે. ત્યારબાદ પરીક્ષણની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સંશોધકોએ કોવિડ-૧૯ વાયરસ માટે ડ્રાય સ્વેબ આરએનએ-એક્સટ્રેક્શન ફ્રી ટેસ્ટિંગ પદ્ધતિ વિકસાવી છે. વધારે સરળ શબ્દોમાં કહીએ તો, ડ્રાય સ્વેબ-ડાયરેક્ટર RT-PCR પદ્ધતિમાં ડ્રાય સ્ટેટમાં (વાયરલ ટ્રાન્સપોર્ટ માધ્યમ વીટીએમનો ઉપયોગ કરવાને બદલે)માં નેસલ સ્વેબનું કલેકશન અને ટ્રાન્સપોર્ટેશન સંકળાયેલું છે, જેથી નમૂનાઓનું સરળ પરિવહન અને સંચાલન થાય છે તથા એનાથી ઈન્ફેક્શનનો વધારે પ્રસાર થવાનું જોખમ અતિ ઓછું છે. બીજું, નમૂનામાંથી આરએનએ અલગ કરવાની જરૂર રહેતી નથી અને એમાં આઈસીએમઆર દ્વારા સૂચિત કિટનો ઉપયોગ કરીને ડાયરેક્ટ ઈ-ઝઈ દ્વારા નમૂનાનું સરળ પ્રોસેસિંગ સંકળાયેલું છે. પરંપરાગત પદ્ધતિની સરખામણીમાં આરએનએ અલગ કરવાનું પગલું દૂર કરવાથી મોટો ફાયદો થાય છે, કારણ કે આરએનએને અલગ કરવાનું પગલું સમય, ખર્ચ અને તાલીમબદ્ધ માનવઊર્જાની દ્રષ્ટિએ મોટો અવરોધ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સમાન સંસાધનો સાથે અને કોઈ પણ પ્રકારના વધારાના ખર્ચ વિના નમૂનાનું પરીક્ષણ થઈ શકશે અને તાત્કાલિક ઓછામાં ઓછા ૨થી ૩ ગણા વધારે નમૂનાનું પરીક્ષણ થઈ શકશે. CSIRના ડીજી ડો. શેખર સી માંડેએ આ અંગે જણાવ્યું હતું કે, ડ્રાય-સ્વેબ ડાયરેક્ટ RT-PCR પદ્ધતિ વાજબી ખર્ચ ધરાવે છે, નવી કિટની જરૂરિયાત વિના એનો ઉપયોગ કરવો સરળ છે અને હાલ માનવઊર્જા વધારાની કોઈ પણ પ્રકારની તાલીમ વિના આ કામગીરી કરી શકે છે એટલે દેશમાં ઝડપથી પરીક્ષણ ક્ષમતા વધારવામાં નોંધપાત્ર પ્રદાન કરી શકે છે. CCMBના ડાયરેક્ટર ડો. રાકેશ મિશ્રાએ ઉમેર્યું હતું કે, "ઓટોમેટિક રીતે પણ આરએનએ એક્સ્ટ્રેક્શન અંદાજે ૫૦૦ નમૂના માટે ૪ કલાક લે છે. વીટીએમ અને આરએનએ એક્સટ્રેક્શન બંને કોરોનાવાયરસ માટે મોટા પાયે પરીક્ષણ માટે જરૂરી નાણાં અને સમયની દ્રષ્ટિએ નોંધપાત્ર રીતે ભારણ વધારે છે. અમારું માનવું છે કે, આ ટેકનિક માટે તમામ પ્રકારની વ્યવસ્થા માટે લાયકાતની જરૂર છે તથા પરીક્ષણના ખર્ચ અને સમયમાં ૪૦થી ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવાની સંભવિતતા ધરાવે છે." મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, CSIR-CCMBની સુધારેલી પદ્ધતિનું સેન્ટર ફોર ડીએનએ ફિંગરપ્રિન્ટિંગ એન્ડ ડાઈગ્નોસ્ટિક (CDFD), IISER-બેરહામ્પુર, CSIR-NEERI, GMCH-નાગપુર, પૂણેમાં જિનપથ, નાગપુરમાં IGGMSH અને MAFSU તેમજ અપોલો હોસ્પિટલ્સ, હૈદરાબાદ જેવી વિવિધ ટોચની સંસ્થાઓ અને હોસ્પિટલોએ સ્વતંત્ર રીતે સમર્થન આપ્યું છે. ઉપરાંત આ સુધારેલી પદ્ધતિને CSIR-CCMB દ્વારા સમકક્ષ સમીક્ષા જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી છે તથા દુનિયાના કેટલાંક પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક જર્નલ્સમાં અન્ય વૈજ્ઞાનિક જૂથોએ પણ પ્રકાશિત કરી છે.

### સમારંભ સ્થળની ક્ષમતાની ૫૦ ટકાથી વધુ નહી, પરંતુ ૧૦૦ વ્યક્તિની મર્યાદામાં આયોજન કરવાનું રહેશે

# રાજ્યમાં લગ્ન કે અન્ય કોઈ સત્કાર સમારંભ સંદર્ભે પોલીસ વિભાગની કોઈ મંજૂરીની આવશ્યકતા રહેતી નથી : ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

## કોરોનાના સંક્રમણને રોકવા માટે તમામ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય



કમલમ દૈનિક,

ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં લગ્ન કે અન્ય કોઈ સત્કાર સમારંભ સંદર્ભે પોલીસ વિભાગની કોઈ મંજૂરીની આવશ્યકતા રહેતી નથી. સમારંભના સ્થળની ક્ષમતાની ૫૦ ટકાથી વધુ નહી, પરંતુ ૧૦૦ વ્યક્તિની મર્યાદામાં આયોજન કરવાનું રહશે. કોરોનાના સંક્રમણને રોકવા માટે તમામ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે. મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યું કે, રાજ્યના નાગરિકોને તેમના પ્રસંગો સુયોજીત રીતે યોજી શકે તે માટે રાજ્ય સરકારે જનહિતને ધ્યાને રાખીને તથા કોરોનાનું સંક્રમણ ફેલાય નહી તે માટે ચોક્કસ દિશા નિર્દેશો સાથે આવા સમારંભો યોજાય તે માટે ચોક્કસ માર્ગદર્શિકા નિયત કરાઈ છે. આવા પ્રસંગો દરમ્યાન વરઘોડા કે બેન્ડવાજા પર પ્રતિબંધ રહેશે. તેમજ સમારોહના આયોજન માટે સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનની કોઈ મંજૂરી મેળવવાની આવશ્યકતા રહેતી નથી. કેટલાક શહેરોમાં સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાત્રિ કરફ્યૂ અમલી બનાવાયો છે તેવા સ્થળોએ કોઈપણ પ્રસંગનું આયોજન કરફ્યૂના સમયગાળા દરમ્યાન કરી શકાશે નહી. તેમણે ઉમેર્યું કે, લગ્નો કે સત્કાર સમારંભો યોજવામાં આવે ત્યારે કોવિડ-૧૯ સંદર્ભે જે માર્ગદર્શિકા અમલમાં છે તેનો નાગરિકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સમારંભ દરમ્યાન ૬ ફૂટની દૂરી સાથેનું ફિઝીકલ સોશ્યલ ડીસ્ટન્સ, માસ્ક તથા સેનીટાઈઝર સહીતની વ્યવસ્થા કરવાની રહેશે.

### ઘટનાની ઝીણવટભરી અને તલસ્પર્શી તપાસ માટે SITની રચના કરાશે

# રાજકોટની ઉદય શિવાનંદ હોસ્પિટલમાં લાગેલી આગ સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ : ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

## ઘટનાની સંવેદનશીલતાને ધ્યાને લઈ તપાસ માટે અધિક મુખ્ય સચિવશ્રી એ.કે. રાકેશને તપાસ કરવા મુખ્યમંત્રીશ્રીનો નિર્ણય



કમલમ દૈનિક,

ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજકોટની ઉદય શિવાનંદ આશ્રમ સંચાલિત હોસ્પિટલ ખાતે લાગેલી આગના બનાવ સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે. ઘટનામાં દુઃખદ નિધન પામેલા નાગરિકો પ્રત્યે રાજ્ય સરકાર દુઃખની લાગણી અનુભવે છે. અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે. ગૃહ મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું કે, ગઈકાલે મોડી રાતે બનેલી આ દુઃખદ ઘટના અન્વયે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બનાવના સમાચાર મળતાની સાથે જિલ્લા કલેક્ટર, મ્યુ. કમિશ્નર, પોલીસ કમિશ્નરને અને મુખ્ય સચિવશ્રીને સૂચના આપીને ઘટનાના સ્થળે સત્વરે લોકોને સહાય પૂરી પાડવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઘટનાની તપાસ માટે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશને તાત્કાલિક રાજકોટ જવા રવાના કરીને ઘટનાના મૂળ સુધી જવા સૂચનાઓ આપી હતી. શ્રી રાકેશ આજે રાજકોટ ખાતે પહોંચીને જરૂરી તપાસ કરી રહ્યા છે. જેનો આગામી ત્રણ દિવસમાં રીપોર્ટ મેળવશે. તેમણે ઉમેર્યું કે, ઘટનાની ઝીણવટભરી અને તલસ્પર્શી તપાસ થાય તે માટે રાજકોટ શહેરના ઢ્ઢૅના અધ્યક્ષસ્થાને જ્ૈંની રચના કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં આવા પ્રકારના બનાવો ક્યાંય પણ ન બને તે માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે અને આવા બનાવો બનશે તો રાજ્ય સરકાર સહેજપણ ચલાવી લેવા માંગતી નથી. તેમ તેમણે ઉમેર્યું હતું.

# વડાદલા (કંથરનામુવાડા) ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

## આ રક્તદાન કેમ્પ-માં ૫૪ રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરી રક્તદાન-મહાદાન મંત્રને સાર્થક કર્યો



કમલમ દૈનિક, લુણાવાડા

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાન આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા માં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એસ. બી. શાહની રાહબરીમાં બાલાસિનોર તાલુકાના વડાદલા (કંથરનામુવાડા) ખાતે ડૉ. રાકેશ આર. સકસેના, ડૉ. ધ્વનીબેન, સીએચઓ મમતાબેન અને અંકીતાબેન તથા તેમની આરોગ્યા ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે ગઈકાલે તા. ૨૬મીના રોજ રકતદાન કેમ્પ યોજાઈ ગયો.વડાદલા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પરમાં ૫૪ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.આ રકતદાન કેમ્પમાં રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર શ્રી બિરેન્દ્રસીંગે રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યુ હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હતા. આ રકતદાન કેમ્પન દરમિયાન રકતદાતાઓને માસ્કસ પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વંજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પધ્ધાતિઓ અપનાવવા અને યોગ-વ્યાયામ ઈત્યાથદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

### ભારતની હેટરો જૂથ સાથે રશિયન ડાયરેક્ટર ઈન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા કરાર કરાયો

# રશિયામાં તૈયાર કરાયેલ કોરોનાની રસી સ્પુતનિક-પનું ભારતમાં ઉત્પાદન થશે



કમલમ દૈનિક, પટણા

કોરોનાની સારવાર માટે રશિયા માં તૈયાર કરવામાં આવેલી રસી સ્પુતનિક-પનું ઉત્પાદન હવે ભારતમાં પણ થશે. આ માટે ભારતની હેટરો જૂથ સાથે રશિયન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા કરાર કરવામાં આવ્યા છે. બંને દેશોની કંપનીઓ દ્વારા કરવામાં આવેલા આ કરાર બાદ દર વર્ષે ભારતમાં ૧૦ કરોડ ડોઝ તૈયાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં આ બીજી વેક્સિન હશે તેના મોટાપાયે ડોઝ તૈયાર કરાશે.

રશિયાની કોરોના વાયરસ રસી હિમાચલપ્રદેશના બદ્દીમાં તૈયાર કરવામાં આવશે. તેના માટે બદ્દીની કંપની પનેશિયા બાયોટેક સાથે કરાર થયો છે. ડિસેમ્બરમાં કંપની રશિયાના સ્પૂતનિક રસીનું ઉત્પાદન શરૂ કરશે. એટલું જ નહીં પોન્ટામાં આવેલ મૈનકાઈન્ડ ફાર્મા કંપનીની સાથે દવાના માર્કેટિંગને લઈને વાતચીત ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર પનેશિયા સાથે કરાર પહેલા બદ્દીની વધુ બે કંપનીઓ ડો. રેડ્ડી અને હેટ્રો સાથે રસી તૈયાર કરવા માટે રશિયાની વાતચીત ચાલી રહી હતી. પરંતુ ઉત્તરભારતમાં રસી બનાવનારી પેનેશિયા એક માત્ર કંપની છે. એટલા માટે રશિયાએ આ કંપનીની સાથે કરાર કર્યા છે. સૂત્રોના જણાવ્યાનુસાર આ કંપની બીજા માટે કામ કરી શકે છે. રશિયા ઈચ્છે છે કે ભારતની દવા કંપની આ રસીને તૈયાર કરે.

આથી જ બદ્દીની કંપની આને તૈયાર કરશે. કહેવાઈ રહ્યુ છે કે આ રસી બનાવવા માટે કંપનીને ટેક્નીકલ ટ્રાન્સફર થઈ ગઈ છે. કંપનીના પ્લાન્ટ હેડ રાજેશ ચોપડાએ આ અંગે કંઈ પણ જણાવવાનો અધિકાર નથી. અહીં જે કંઈપણ થઈ રહ્યું છે તેને પીએમ કાર્યલય અથવા કેન્દ્ર સરકાર જણાવી શકે છે. ડ્રગ કન્ટ્રોલર મનીષ કપૂરે જણાવ્યું કે બદ્દી સ્થિત પનેશિયા કંપની રસી તૈયાર કરશે. પનેશિયા ઉત્તર ભારતની એવી કંપની છે જે રસી બનાવે છે.

# કચ્છના કિસાનોના બાગાયત વૃક્ષોના યોગ્ય વળતર અંગે સરકારમાં રજૂઆત



## રોડ પાઈપલાઈન , વિજ ટાવર કે નર્મદા કેનાલ પસાર કરતી વખતે ખેડૂતોને યોગ્ય વળતર મળે એ અંગે જિલ્લા ભાજપ પ્રમુખની ઉચ્ચ સ્તરે રજૂઆત

કમલમ દૈનિક,

વિવિધ માળખાકીય સગવડો ઉભી કરવાના ભાગરૂપે રોડ , પાઈપલાઈન , વિજ ટાવરો કે નર્મદા નહેર જયારે ખેડૂતોના વાડી વિસ્તાર વચ્ચેથી પસાર થાય છે ત્યારે ખેડૂતોના ઉભા મોલને નુકસાન પહોંચે છે . ખાસ કરીને બાગાયત પાકોના વૃક્ષોને આવા સંજોગોમાં નિયત ધારાધોરણ કરતા ઓછું વળતર મળતું હોવાની લાગણી ખેડૂત વર્ગમાં ઉભી થતી હોવાથી કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે આ અનુસંધાને કચ્છભરની એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રીઓ તેમજ કિસાન સંઘના આગેવાનો સાથે ચર્ચા - વિચારણા કરીને આ અંગે સરકારમાં રજૂઆત કરવાનો નિર્ણય લીધો છે . કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી વલ્લમજીભાઈ હુંબલના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગઈ કાલની બેઠકમાં ભુજ એ.પી.એમ.સી.ના વાઈસ ચેરમેન જીગ્નેશભાઈ શાહ , મુંદરા એ.પી.એમ.સી.ના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજા , માંડવી એ.પી.એમ.સી. ના ચેરમેન પ્રવિણભાઈ વેલાણી , કે.ડી.સી.સી. બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવી , વાઈસ ચેરમેન જયસુખભાઈ પટેલ , કચ્છ જિલ્લા ભાજપ કિસાન મોરચા પ્રમુખ મહેન્દ્રભાઈ ગઢવી સહિતના આગેવાનોની ઉપસ્થિતીમાં યોજાયેલી બેઠકમાં વિવિધ ફળ – છોડોની તેમની મુળ કિંમત , તેના ઉપર ખેડૂતે કરેલ જાળવણી ખર્ચ તેમજ તેમના આયુષ્ય મુજબની કિંમત આકારણી કરીને પૂર્ણ વળતર અંગે વિસ્તૃતપણે ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી . ફળ - ઝાડની અવધી મુજબ વળતર મળે અને ખેડૂતોને કોઈ પણ પ્રકારની નુકસાની ન જાય એ મુજબ વિવિધ છોડોને તેમના આયુષ્ય પ્રમાણે એક વર્ષથી ઓછા , એક થી સાત વર્ષ સુધી અને સાત વર્ષથી વધુ એમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા . આ સાથો સાથ કિસાનોએ ખરીદેલ જે તે છોડની મુળ કિંમત અને તેના જાળવણી ખર્ચને પણ ધ્યાને રાખી આવા વિવિધ ૧૫ પ્રકારના બાગાયતી વૃક્ષોના વળતર બાબતે નિયત ભાવ ઠેરવીને સરકાર પાસે માંગણી મુકવામાં આવશે . કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે , માળખાકીય સગવડો ઉભી કરવા માટે થતા વિકાસ કાર્યો આવકારદાયક છે પરંતુ સાથો સાથ ખેડૂતોને સુયોગ્ય વળતર અપાવવું એ આપણું દાયિત્વ બની રહે છે . આ બાબતે કચ્છના કિસાનોની લાગણી અને માંગણીને અનુસરીને સરકાર સમક્ષ રજૂઆત કરીને બાગાયતી પાક લેતા કચ્છના કિસાનોને કયાંય પણ કોઈ પણ પ્રકારે નુકસાન નહીં થવા દેવાય એવી ખાતરી આપું છું . આ અંગે વધુ વિગત આપતા કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી વલ્લમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે , કચ્છની તમામ એ.પી.એમ.સી.ના ચેરમેનો સાંસદશ્રી , ધારાસભ્યશ્રીઓ , પોતાના વિસ્તારના ખેડૂતો , કિસાન મંડળો , ખેડૂત સેવા સહકારી મંડળીઓ તેમજ સામાજિક આગેવાનો સાથે ચર્ચા - વિચારણા કરીને આગામી તા .૫ ડીસેમ્બર સુધી સરકારશ્રી સમક્ષ આ અંતર્ગત ભલામણ કરતા ઠરાવો રજૂ કરશે . આ બેઠકમાં વિક્રમસિંહ જાડેજા , દિલીપભાઈ પટેલ , પરસોતમભાઈ પટેલ , ધનજીભાઈ કેરાસીયા , મુકેશભાઈ આહિર , કિસાન સંઘના આગેવાન શીવજીભાઈ બરાડીયા તથા ભીમજીભાઈ કેરાસીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા . તમામ એ.પી.એમ.સી. યાર્ડના સેક્રેટરીશ્રીઓએ હાજર રહી વહીવટી કામગીરી પૂર્ણ કરવા બાબતે જહેમત ઉઠાવી હતી જયારે આભારવિધી ભુજ એ.પી.એમ.સી.ના સેક્રેટરી શંભુભાઈ બરાડીયાએ કરી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .

# કોણાર્ક સાઈકલિંગ રેલી ૧૯૭૧ ત્રીજા દિવસમાં પ્રવેશી

કમલમ દૈનિક, જામનગર

જામનગર મિલિટરી સ્ટેશનની સિંધ બ્રિગેડના બે અધિકારી અને અન્ય ૧૮ રેંક્સની ટીમે સાઈકલ રેલીનો ત્રીજો લેગ સંભાળીને રાધનપુર (ગુજરાત)થી બકસર (રાજસ્થાન) સુધી બે રાજ્યો વચ્ચેનું ૨૩૦ કિલોમીટરના અંતર કાપીને રેલીને આગળ વધારી હતી. સાઈકલ રેલીના કારણે તમામ સહભાગીઓમાં સાહસની લાગણી વધવાની સાથે સાથે યુદ્ધના ભૂતપૂર્વ જવાનો, વીર નારીઓ સાથે જોડાવાની અને યુદ્ધમાં શહીદ થયેલા તેમજ શારીરિક જાનહાનિ થયેલા જવાનોના પરિવારજનોને મદદ કરવાની પણ તક મળી રહી છે. આ ફોર્મેશનની મેડિકલ ટીમ દ્વારા બકસર ખાતે એક તબીબી શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી આગળ વધવાની સાથે સાથે દિવસેને દિવસે તેના સહભાગીઓનો ઉત્સાહ અને જુસ્સો નવી ઊંચાઈએ પહોંચી રહ્યો છે. આ રેલીને ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને લોકો રસ્તાની બંને બાજુએ ઉભા રહીને ત્યાંથી પસાર થતી રેલીને ચિઅરઅપ કરી તેમનો જુસ્સો વધારી રહ્યાં છે

# રાષ્ટ્રીય જનજાતિ મંચ ડાંગ જિલ્લો આયોજીત કલેક્ટર ને આવેદન પત્ર આપવામાં આવ્યું

કમલમ દૈનિક, રિપોર્ટ- અમરનાથ જગતાપ,ડાંગ

તારીખ ૨૭/૧૧/૨૦ આજ રોજ રાષ્ટ્રીય જનજાતિ મંચ ડાંગ જિલ્લો આયોજીત કલેક્ટર ને આવેદન પત્ર આપવામાં આવ્યું જનજાતિ સમાજ માં ધર્માન્તર ના મુદે થઈ રહેલ ગુજરાત ધર્માંતરણ અધિનિયમ ના ખુલ્લેઆમ ભંગ કરવામાં આવી રહ્યું છે.ગુજરાત માં અત્યાર સુધીમાં સરકાર શ્રીના રજીસ્ટરમાં ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓ ની વસ્તી ન હોવા છતાં નાતાલના નામે રાષ્ટ્રવિરોધી પ્રવુતિ થઈ રહી છે એવુ જણાય રહ્યું છે. જો ખ્રિસ્તીધર્મના અનુયાયીજ નં હોય તો આટલા બધા ચર્ચો ક્યાંથી આવ્યા? જો ખરેખર ખ્રિસ્તીધર્મનુ પાલન કરતા હોય તો તેમના પ્રમાણપત્રોમાં ખ્રિસ્તીધર્મનો ઉલ્લેખ કેમ કરવામાં આવતો નથી?અને કોવીડ=૧૯ સરકારશ્રી ના આદેશ નો ચર્ચો દ્વારા થઈ રહેલ ઉલંઘન બાબતે ડાંગ ના રાષ્ટ્રીય જનજાતિ મંચ ડાંગ ધ્વરા કલેક્ટર શ્રી ને આવેદન પત્ર આપવામાં આવ્યું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028